# ઉ.પ્રદેશ-બિહારમાં ભાજપને ૬૧ બેઠકોની આગાહી

નવી દિલ્હી,તા.૨૨

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા સતત વધી રહી છે. મોદીને આ લોકપ્રિયતાનો ચૂંટણીમાં ફાયદો મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. આગામી લોકસભાની ચૂંટણી માટે એબીપી ન્યૂઝ-નેલ્સન દ્વારા ફેબ્રુઆરી મહિનામાં કરવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યું છે કે ઉત્તર પ્રદેશ અને બિહારમાં નરેન્દ્ર મોદી મેજિક છે. ઉત્તર પ્રદેશ અને બિહારમાં લોકસભાની ૧૨૦ બેઠકો પૈકી ભાજપ ૬૧ બેઠકો જીતીને આ બંને રાજ્યોમાં સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી શકે છે. તેની ૨૦૦૯ની બેઠકોની સરખામણીમાં ઉલ્લેખનીય સુધારો થઈ શકે છે. ઓપીનીયન પોલના તારણો જારી કરવામાં આવ્યા બાદ ભાજપ માટે વધુ રાહત દેખાઈ રહી છે. આ સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે ઉત્તર પ્રદેશની ૮૦ સીટો પૈકી ભાજપને ૪૦, કોંગ્રેસને ૧૧, સમાજવાદી પાર્ટીને ૧૪, બહુજન સમાજ પાર્ટીને ૧૩ અને એએપી તથા અન્યોને એક સીટ મળી શકે છે. જાન્યુઆરીના સર્વેની સરખામણીમાં ઉત્તર પ્રદેશમાં ભાજપને વધુ પાંચ સીટોનો ફાયદો થઈ શકે છે પરંતુ બિહારમાં જાન્યુઆરીની સરખામણીમાં ત્રણ સીટોનું નુકસાન થઈ શકે છે. ફેબ્રુઆરીના સર્વે મુજબ ભાજપને ૨૧, જેડીયુને ૯, આરજેડીને ૫ સીટો મળી શકે છે જ્યારે એલજેપીને ૧ અને કોંગ્રેસને ૨ બેઠકો મળી શકે છે. ૨ બેઠકો અન્યને મળી શકે છે. સર્વે મુજબ જો બિહારમાં આરજેડી-કોંગ્રેસ-એલજેપી મળીને ચૂંટણી લડે છે તો ભાજપની સીટો ૧૬ સુધી આવી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે જાન્યુઆરી મહિનામાં થયેલા સર્વેમાં બિહારમાં ભાજપને ૨૪ સીટો મળવાની વાત કરાઈ હતી. આ સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ઉત્તર પ્રદેશમાં અડધાથી વધુ બેઠકો ઉપર ભાજપ સપાટો બોલાવશે. મોદી મેજિક સ્પષ્ટ છે. જાન્યુઆરીની સરખામણીમાં ઉત્તર પ્રદેશમાં ભાજપને વધુ પાંચ બેઠકો મળી શકે છે. સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે પૂર્વીય ઉત્તર પ્રદેશની ૩૬ બેઠકો પૈકી કોંગ્રેસને ૪, ભાજપને ૧૭ સીટો મળી શકે છે. આ વિસ્તારમાં સપાને ૫ અને બસપાને ૯ બેઠક મળી શકે છે. જો કે દિલ્હીમાં સત્તામાં પ્રથમ વખત પહોંચેલી આમ આદમી પાર્ટીને એક પણ સીટ નહીં મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. બિહારમાં પણ મોદીની અસર જોવા મળી રહી છે છતાં ભાજપના વરિષ્ઠ નેતાઓ બિહારમાં વધુ તાકાત લગાવવામાં આવે તેવો મત ધરાવે છે. જેડીયુને બિહારમાં ભારે નુકસાન થઈ રહ્યું છે. કોંગ્રેસ, એલજેપી અને આરજેડી સાથે મળીને લડશે તો ભાજપને નુકસાન થઈ શકે છે. જ્યારે કોંગ્રેસ ગઠબંધનને ૧૪ બેઠક મળી શકે છે. છતાં પણ ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરીને આવશે.





રેનબેક્સી લેબોરેટરી લુધિનિયામાં તાજેતરમાં વિવિધ શાકભાજીના ઉપયોગથી હૃદય જેવો આકાર બનાવી આર્ટ સંબંધીત રોગો અંગે જાણકારી આપવામાં આવી હતી.

# વિશ્વની કોઈ તાકાત અરૂણાચલ આંચકી શકે નહીં : મોદી

પાસીઘાટ, ગુવાહાટી, તા. ૨૨

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણી પહેલા તેમના દેશવ્યાપી પ્રચારના ભાગરૂપે આજે પણ અનેક રેલીઓ સંબોધી હતી. મોદીએ આજે અરુણાચલ પ્રદેશ અને આસામ, ત્રિપુરામાં આક્રમક પ્રચાર કરીને કોંગ્રેસને જ મુખ્યરીતે ટાર્ગેટ બનાવી હતી. સાથે સાથે વિદેશનીતિના મામલે મોદીએ પ્રથમ વખત પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું. અરુણાચલ પ્રદેશના પાસીઘાટ ખાતે પોતાની વિજય સંકલ્પ રેલીમાં મોદીએ કહ્યું હતું કે, ચીન પોતાની વિસ્તારવાદી માનસિકતાને છોડે તે જરૂરી છે. મોદીએ ખાતરી આપી હતી કે, દુનિયાની કોઈપણ તાકાત ભારત પાસેથી અરુણાચલ પ્રદેશને આંચકી શકે નહીં. દરમિયાન મોદીએ આસામમાં પણ જોરદાર ચૂંટણી પ્રચાર કરીને બાંગ્લાદેશી ઘુસણખોરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. અને કહ્યું હતું કે, બાંગ્લાદેશી ઘુસણખોરોના લીધે શ્રેણીબદ્ધ સમસ્યાઓ ઉભી થઈ છે. આ સમસ્યાઓને આપણા લોકોને સહન કરવી જોઈએ નહીં. અરુણાચલ પ્રદેશ ભારતનો એક અંખડ ભાગ છે અને તે રહેશે. ચૂંટણી પ્રચારના સંબંધમાં એક રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, ચીનને પોતાની વિસ્તારવાદી નીતિને છોડીને આગળ વધવું જોઈએ. બંને દેશોની શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવાની જરૂર છે. મોદીએ એમ પણ કહ્યું હતુંકે, અરુણાચલ પ્રદેશના લોકોને કોઈપણ પ્રકારના દબાણ અથવા ભયમાં રહેવાની જરૂર નથી. સીઆંગ નદીના કિનારે રેલીને સંબોધતા મોદીએકહ્યું હતું કે, તેઓ આ માટીની શપથ લઈને કહે છે કે,તેઓ અરુણાચલને ક્યારેય સમાપ્ત થવાદેશે નહીં અને તુટવા પણ દેશે નહીં. ચીનને પોતાના વલણમાં ફેરફાર કરવાની જરૂર છે. વિકાસના એજન્ડાને ચીન પણ આગળ વધારે તે જરૂરી છે. દુનિયામાં ચારેબાજુ વિકાસ ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. પ્રદેશના લોકોની દેશભક્તિની ભાવના પ્રશંસા કરતા મોદીએ કહ્યું હતું કે, અહીના લોકોના લીધે જ અરુણાચલ પ્રદેશ દેશનો અખંડ ભાગછે. અહીના લોકો વાસ્તવિક રીતે દેશભક્ત છે. કારણ કે તેઓ પોતાના સામેવાળા લોકોને જયહિન્દ કહીને બોલાવે છે. સાથેસાથે રાજ્યની સરહદોની રક્ષા કરે છે. ૧૯૬૨ના ચીનના આક્રમણ વેળા પણ યોગ્ય જવાબ અપાયો હતો.

કારગિલ યુદ્ધ દરમિયાન આ ક્ષેત્રના લોકોએ જવાનો તરીકે ભાગ લઈને યોગ્ય જવાબ આપ્યો હતો. આ ક્ષેત્રના યુવાન નીડો તાનિયામની દિલ્હીમાં હત્યાનો ઉલ્લેખ કરતા મોદીએ યુપીએ સરકારને આ ક્ષેત્રના લોકોને નબળા ન ગણવા ચેતવણી આપી હતી. અરુણાચલમાં મોદીએ અહીના લોકોની ભારે પ્રશંસા કરી હતી. પૂર્વીય ભારતના લોકો માટે મોદીએ નવી વ્યૂહરચના અપનાવી છે. વિકાસ વગર કોઈપણ શક્ય બનશે નહીં. વિકાસ તમામ સમસ્યાઓનો ઉકેલ હોવાની તેમણે વાત કરી હતી. મોદીએ અરુણાચલ પ્રદેશ, આસામ બાદ ત્રિપુરામાં રેલીઓને સંબોધી હતી. અગરતલામાં બોલતા મોદીએ કહ્યું હતું કે, એનડીએની સરકારે એક પછી એક સિદ્ધિઓ હાંસલ કરી હતી.

એનડીએ તેમના માટે કોઈ ગઠબંધન નથી બલ્કે નેશનલ ડેવલપમેન્ટ એલાયન્સ છે અને અમે વિકાસ માટે કટિબદ્ધ છીએ. અરુણાચલના પાસીઘાટ અને આસામના સિલચરમાં પોતાની રેલીને સંબોધ્યા બાદ મોદીએ ત્રિપુરાના પાટનગર અગરતલામાં રેલી સંબોધવા માટે પહોંચ્યા હતા. સિલ્ચરમાં મોદીએ બાંગ્લાદેશી ઘુસણખોરોનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, બાંગ્લાદેશમાંથી ખદેડવામાં આવી રહેલા હિન્દુ લોકોના બોજને માત્ર આસામ ઉપર કેમ લાદવામાં આવે છે. આલોકોને દેશના જુદા જુદા વિસ્તારોમાં મોકલવામાં આવે તે જરૂરી છે.

# રાહુલ ગાંધીના લીધે જેલમાં ગયા ન હતા : લાલૂનો દાવો

નવી દિલ્હી, તા. ૨૨

રાષ્ટ્રીય જનતા દળના પ્રમુખ લાલુ પ્રસાદ યાદવે આજે કહ્યું હતુંકે ઘાસચારા કોંભાંડ કેસમાં તેમને ફટકારવામાં આવેલી જેલની સજા માટે કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીને દોષ આપવાની બાબત ખોટી રહેશે. લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ પાર્ટીને આકર્ષિત કરવાના પ્રયાસરૂપે લાલુ યાદવે આ મુજબનુ નિવેદન કરી હોવાનુ જાણવા મળી રહ્યું છે. લાલુ યાદવના નેતૃત્વમાં આરજેડીના શાસનમાં છાઈબેસા તિજોરીમાંથી ૩૭.૭ કરોડ રૂપિયાની ઉચાપત સાથે સંબંધિત કેસમાં બિહારના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન લાલુ યાદવ, જગન્નાથ મિશ્રા અને અન્ય ૪૩ લોકોને ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે ખાસ સીબીઆઈ અદાલત દ્વારા અપરાધી જાહેર કરવામાં આવ્યા હતા. કોર્ટે લાલુ યાદવને પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી અને તેમના ઉપર ૨૫ લાખ રૂપિયાનો દંડ લાદ્યો હતો. બે મહિનાના ગાળા બાદ સુપ્રીમ કોર્ટે લાલુ યાદવને જામીન આપી દીધા હતા. જેલમાંથી છુટી ગયા બાદથી લાલુ બિહારમાં કોંગ્રેસ સાથે જોડાણ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. તેઓ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી સાથે વાતચીત પણ કરી ચુક્યા છે. લાલુ યાદવે કહ્યું છે કે તેમનો મુખ્ય ઈરાદો કોઈ પણ કિંમતે ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી અને એએપીના અરવિંદ કેજરીવાલને રોકવાનો રહ્યો છે. ત્રીજી મોરચાની રચના અંગે લાલૂ યાદવે કહ્યું હતું કે, તેઓ ત્રીજા મોરચાના ભાગ હોઈ શકે નહીં.સાંસદ તરીકે ગેરલાયક જાહેર થયેલા ૬૬ વર્ષીય લાલૂ યાદવે કહ્યું હતું કે, યુપીએ સરકાર સારી કામગીરી અદા કરી ચુકી છે. આ સરકારે વિકાસ મોરચે પણ અસરકારક ભૂમિકા ભજવી છે. એક અંગ્રેજી ચેનલ સાથેની વાતચીતમાં લાલૂ યાદવે કહ્યું હતું કે, રાહુલ ગાંધીના કારણે તેઓ જેલમાં ગયા ન હતા. આના માટે રાહુલને દોષ આપવાની બાબત અયોગ્ય છે. કોંગ્રેસ સાથે ટૂંકમાં સમજૂતિ થઈ જશે. કોંગ્રેસ બિનસાંપ્રદાયિક પક્ષોની સંસ્થા છે.

# વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા મામલે ચીન ત્રીજા ક્રમાંક પર

મુંબઈ,તા.૨૨

વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યાના મામલામાં ચીન ત્રીજા ક્રમાંકે પહોંચી ગયું છે. અમેરિકા અને બ્રિટન બાદ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ફેવરિટ દેશની યાદીમાં ચીન હવે ત્રીજા ક્રમાંકે પહોંચી ગયું છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ટરનેશનલ એજ્યુકેશન ઓન ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ દ્વારા એકત્રિત કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ઓસ્ટ્રેલિયા અને જર્મનીની સરખામણીમાં ચીનમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે.ચીનમાં ૩.૨૮ લાખથી વધુ વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરી રહ્યા છે. દક્ષિણ કોરિયા દ્વારા ચીનમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ હેતુ મોકલવામાં આવી રહ્યા છે. તેના વિદ્યાર્થીઓની સંખ્યા ૨૧.૩ ટકાની આસપાસની છે. ચીન દ્વારા આ ક્ષેત્રમાં પ્રગતિ કરવા માટે ઘણા કારણો જવાબદાર દેખાઈ રહ્યા છે. ભારતના બ્રિટનમાં ૨૨૩૮૫ અને અમેરિકામાં ૯૬૭૫૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ભારતમાં પણ વિદેશી વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં અભ્યાસ કરી રહ્યા છે. ચીન ૨૦૨૦ સુધી ૫૦૦૦૦૦ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને આકર્ષિત કરવાની યોજના ધરાવે છે. સિંગાપુર પણ ૨૦૧૫ સુધી ૧૫૦૦૦૦ વિદ્યાર્થીઓને બોલાવવાની યોજના ધરાવે છે. મલેશિયા ૮૦૦૦૦ વિદ્યાર્થીઓને બોલાવવાના પ્રયાસમાં છે જ્યારે જાપાન ૩૦૦૦૦૦ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને પોતાને ત્યાં બોલાવવાની યોજના ધરાવે છે.

## સમાચાર ઝલક

- ૧૫મી લોકસભા સૌથી વધુ સમય તોફાની રહી.
- ઓરિસ્સામાં પ્રવાસન પ્રધાન મોહંતી પર ગોળીબાર.
- અમેરિકામાં વરસાદ અને ખરાબ વાતાવરણથી ૮ વ્યક્તિઓમાં મોત.
- બૌદ્ધ ધર્મના સંત વડા દલાઇ લામાની અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા સાથે મુલાકાત, ચીનનો ઉગ્ર વિરોધ.
- યુક્રેનમાં શાંતિ જાળવવા બંને પક્ષે સમાધાન થયું.
- મહારાષ્ટ્રના આઇ.પી.એસ. અધિકારી જૈને રાજીનામું આપ્યું, રાજકારણમાં પ્રવેશવાની અટકળો.
- વ્યારા પાસે અકસ્માતમાં ૧૨ને ઇજા ૧ નું મોત.
- પાકિસ્તાની હવાઇ હુમલામાં ૪૦ તાલીબાની આતંકવાદીઓનાં મોત.
- જમ્મુ જેલમાં પાકિસ્તાની કેદીએ આત્મહત્યા કરી.
- અમેઠીમાં 'આપ'ના કાર્યકરો પર મારપીઠ કરાઇ.
- પાટણનો ૧૨૬૯મો જન્મદિવસ ઉજવાયો.
- ૨૫ ફેબ્રુઆરીએ એલ.પી.જી. વિતરકો હડતાળ પાડશે.
- ચેન્નાઇમાં વયોવૃદ્ધ વકીલ અગ્રણી રામ જેઠમલાણી બેભાન થયા.
- મુંબઇમાં ૧૦ દિવસથી બાળક ચોર ત્રાસ ફેલાવી રહ્યો છે.
- અમૃતસરમાં કિસાનો પર લાઠીચાર્જ કરાયો.
- કાબુલમાં પોલીસ કેમ્પ પર આત્મઘાતી હુમલામાં ૨૦ પોલીસના મોત.
- આણંદમાં લગ્નવાડી પાસે ડમ્પર ફરી વળતાં ૩નાં મોત.
- 'ગુજકેટ'ની એપ્રિલના અંતમાં પરીક્ષા લેવાશે.
- ઉત્તરપ્રદેશના મંત્રીઓની ગાડીઓ પરથી લાલ બત્તી હટાવાઇ.

# દરેક હિન્દુ દંપત્તિને પાંચ બાળકો હોવા જ જોઇએ

ભોપાલ, તા. ૨૨

વિશ્વ હિન્દુ પરિષદના કન્વીનર અશોક સિંઘલે આજે કહ્યું હતું કે, દરેક હિન્દુ દંપત્તિએ પણ પાંચ બાળકો રાખવા જોઈએ. અશોક સિંઘલના આ નિવેદનથી ભારે હોબાળો મચી જવાની શક્યતા દેખાઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, જો આ નીતિ અપનાવવામાં આવશે નહીં તો તે દિવસ દૂર નથી કે જ્યારે હિન્દુ લોકો આ દેશમાં લઘુમતિમાં ફેરવાઈ જશે. ભોપાલમાં એક પત્રકાર પરિષદને સંબોધતા અશોક સિંઘલે કહ્યું હતું કે,દરેક હિન્દુ દંપત્તિના પાંચ બાળકો રહેવા જોઈએ. અશોક સિંઘલે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ભારે પ્રશંસા કરી હતી. સાથે સાથે શ્રેણીબદ્ધ મામલાઓમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની ઢાટકણી કાઢી હતી. સિંઘલે કહ્યું હતુંકે,વિશ્વ હિન્દુ પરિષદને ભાજપ સાથે કોઈ લેવાદેવા નથી પરંતુ આગામી લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને વિશ્વ હિન્દુ પરિષદ ટેકો આપશે. તેમણે એમ પણકહ્યું હતું કે, મોદીના નેતૃત્વ હેઠળ બનનારી નવી સરકાર અમેરિકા સહિત કોઈપણ દેશના દબાણ હેઠળ આવશે નહીં. વિહિપના કન્વીનરે ગઈકાલે મોડી રાત્રે આરએસએસના વડા મોહન ભાગવત સાથે પણ વાતચીત કરી હતી. આ વાતચીત એક કલાક સુધી ચાલી હતી. વાતચીત દરિયાન અનેક મુદ્દાઓ ઉપર ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળે છે. ભાગવત પણ હાલમાં ચાર દિવસની મુલાકાતે ભોપાલમાં પહોંચ્યા છે. વિશ્વ હિન્દુ પરિષદ અને આરએસએસ ભાજપને ટેકો આપશે કે કેમ તેને લઈને હાલમાં ભારે ચર્ચા રહી છે. અશોક સિંઘલ તાજેતરના સમયમાં ભાજપની વારંવાર પ્રશંસા કરતા નજરે પડ્યાછે. એવા સંકેત મળી રહ્યા છે કે, આ વખતે લોકસભાનીચૂંટણીમાં સંઘ અને વિહિપ બંને મોદી માટે પુરી તાકાત લગાવી પ્રચારમાં સામેલ થશે. અશોક સિંઘલ અને મોહન ભાગવત વચ્ચે ગઈકાલે મોડી રાત્રે યોજાયેલી બેઠકને લઈને કોઈ વિગત જાહેર કરવામાં આવી નથી પરંતુ એમ માનવામાં આવે છે કે, રાજકીય પાસાઓ ઉપર પણ ચર્ચા વિચારણા થઈછે. ધર્માન્તરણને રોકવાની વાત પણ અશોક સિંઘલે કરી હતી. અને એવી ચેતવણી ઉચ્ચારી હતીકે, હિન્દુ લોકો તેમના પરિવારને વિસ્તૃત નહીં બનાવે તો આગામી દિવસોમાં હિન્દુ લોકો લઘુમતિમાં આવી જશે.




હોન્ડાએ તાજેતરમાં બહાર પાડેલ મેટ્રો એક્ટીવ રોબોટ 'આશીમો'ને દુનિયાભરમાં પ્રદર્શનમાં મુકાયું છે. તાજેતરમાં મેક્સિકોના એક રાજ્યમાં શરુ કરાયેલ હોન્ડાના પ્લાન્ટમાં મુકાયેલા આ રોબોટને આમંત્રિતોએ નિહાળ્યો હતો અને તેની કામગીરી અંગેની જાણકારી મેળવી હતી.

# કાશ્મીર ખીણમાં જારી ભારે હિમવર્ષાથી બરફની ચાદર

શ્રીનગર, તા. ૨૨

કાશ્મીર ખીણના ઉંચાણવાળા ભાગોમાં આજે ફરી ભારે હિમવર્ષા થઈ હતી. જ્યારે શ્રીનગર સહિતના પ્રદેશના મેદાની ભાગોમાં ભારે વરસાદ થયો હતો. શ્રીનગરમાં સવારે ૮.૩૦ વાગ્યા સુધી ૧.૮ મીમી જેટલો વરસાદ થયો હતો. શહેરમાં લઘુત્તમ તાપમાન ઘટીને ત્રણ ડિગ્રી થઈ ગયું છે. કાશ્મીર ખીણના ગેટવે ગણાતા કાઝીગુંદમાં ૬.૨ મીમી જેટલો વરસાદ થયો હતો. બીજી બાજુ અમરનાથ યાત્રા દરમિયાન બેઝકેમ્પ ગણાતા પહેલગામ રિસોર્ટમાં ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ હતી. અહીં ભારે હિમવર્ષા થઈ હતી. ભારે હિમવર્ષાના કારણે લઘુત્તમ તાપમાન માઈનસ ૦.૬ ડિગ્રી થઈ ગયુ હતું. આવી જ રીતે વિશ્વ પ્રસિદ્ધ સ્કી રિસોર્ટ ગુલમર્ગમાં તાપમાન માઈનસ ૮.૬ ડિગ્રી નોંધાયું છે. રિસોર્ટમાં હાલમાં ભારે હિમવર્ષાની સાથે સાથે વરસાદ થઈ રહ્યો છે. દક્ષિણકાશ્મીરમાં કોકરનાદ ખાતે ગઈકાલે મોડી રાત્રે ભારે હિમવર્ષા થઈ હતી. આ શહેરમાં પારો ગગડીને માઈનસ ૦.૨ ડિગ્રી થઈ ગયું છે. ઉત્તર કાશ્મીરમાં કુંપવારામાં પણ વરસાદ નોંધાયો છે. અહીં તાપમાન ૦.૬ ડિગ્રીની સામે હવે ૨.૪ ડિગ્રી થયું છે. જો કે, લદાખ પ્રદેશમાં લેહ શહેરમાં લઘુત્તમ તાપમાન પાંચ ડિગ્રી વધી ગયું હોવાછતાં અહીં તાપમાન માઈનસ ૪.૩ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ગઈકાલે મોડી રાત્રે અહીં તાપમાન ૧૦ ડિગ્રી થયુ હતુ. નજીકના કારગિલમાં તાપમાન માઈનસ ૧૦.૯ ડિગ્રી નોંધાયું હતું. અહીં સૌથી વધારે ઠંડી જોવા મળી હતી. ગઈકાલે મોડી રાત્રે કારગિલ શહેરમાં માઈનસ ૧૨.૨ ડિગ્રી તાપમાન થયું હતું.

# મુંબઈમાં બાર પર રેડ પડી: ૯ બારગર્લ ઝબ્બે

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં મોડી રાત્રે ઈન્ડિયાના બાર ઉપર દરોડો પાડવામાં આવ્યા બાદ ૨૫ લોકોની ધરપકડ કરી લેવામાં આવી હતી. તાર દેવ પોલીસે ઈન્ડિયાના બાર ઉપર અપરાધી કેસ પણ દાખલ કર્યો છે. મળેલી માહિતી મુજબ દરોડો પાડીને હોટલના સંચાલક અને ૯ બારગર્લ સહિત ૨૫ લોકોની ધરપકડ કરી છે. પોલીસે સમગ્ર મામલામાં ઊંડી તપાસ હાથ ધરી છે. એવું જાણવા મળી રહ્યું છે કે મુંબઈમાં ઘણી મોટી હોટલોમાં પણ આ પ્રકારની પ્રવૃત્તિ ચાલી રહી છે પરંતુ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી નથી. પોલીસના ઉદાસીન વલણના લીધે આ પ્રકારની સ્થિતિ સર્જાયેલી છે. ઈન્ડિયાના બાર ઉપર દરોડા પાડવામાં આવ્યા બાદ ભારે સનસનાટી મચી ગઈ હતી.



જમ્મુના ઈન્દિરા ચોકમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ગુલામનબી આઝાદે ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને ત્યારબાદ એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો.